# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-07-2025** **Evening : 7.10 to 7.20 PM**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1) સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નિવૃત શિક્ષકોની ભરતીના નિર્ણયને રાજ્ય સરકારે રદ કર્યો.
2) રાજ્યના અનુસુચિત જાતિના 665 લાભાર્થીને સાત કરોડ 32 લાખ રૂપિયાથી વધુનું ધિરાણ અપાશે.
3) પીએમ જનમન યોજનાનાં અમલીકરણમાં જુલાઈ માસ માટે ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે.
4) ભારે વરસાદને કારણે રાજ્યમાં અત્યાર સુધી 691 લોકોને બચાવાયા , 4 હજારથી વધુ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા.
5) શ્રાવણ મહિનાના પ્રથમ સોમવારે રાજ્યના શિવાલયો હર હર મહાદેવના નાદથી ગૂંજ્યા.
6) ગુજરાતની મહિલા હેડ કોન્સ્ટેબલ પ્રિયંકા પરમારે વર્લ્ડ પોલીસ એન્ડ ફાયર ગેમ્સ 2025માં બે રજત ચંદ્રક જીત્યાં.

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# TEACHER ORDER CANCELLED

સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નિવૃત શિક્ષકોની ભરતીના નિર્ણયને રાજ્ય સરકારે રદ કર્યો છે. અગાઉ શિક્ષકોની નિયમિત ભરતી તથા જ્ઞાન સહાયકોની નિમણૂક થયા બાદ પણ રહેલી ખાલી જગ્યા પર વચગાળાની વ્યવસ્થારૂપે નિવૃત્ત શિક્ષકોને કામગીરી સોંપવાનો નિર્ણય કરાયો હતો. આ અંગે શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયાએ વધુ માહિતી આપી.

(બાઇટ: પ્રફુલ પાનશેરિયા, શિક્ષણ રાજ્યમંત્રી)

. . . . . . . . .

# SC SCHEME

રાજ્યના અનુસુચિત જાતિના 665 લાભાર્થીને સાત કરોડ 32 લાખ રૂપિયાથી વધુનું ધિરાણ અપાશે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયાએ અનુસૂચિત જાતિના સ્વરોજગારલક્ષી તેમજ થ્રી વ્હીલર યોજનાના લાભાર્થીઓની ગાંધીનગર ખાતેથી કોમ્પ્યુટરાઇઝ ડ્રો દ્વારા આજે પસંદગી કરી હતી. પસંદગી પામેલા લાભાર્થીઓને નજીવા દરે ધિરાણ અપાશે. કુલ 337 લાભાર્થીઓના લક્ષ્યાંક સામે આજે 665 પસંદગી કરવામાં આવી છે.

. . . . .

# PM JANMAN GUJARAT

પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહાઅભિયાન એટલે કે પીએમ જનમનના અમલીકરણમાં જુલાઈ 2025 માટે ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે રહ્યું છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર પીએમ જનમન હેઠળ રાજયમાં પીએમ આવાસ-ગ્રામીણ યોજના અંતર્ગત 12 હજાર 489 આવાસો મંજૂર કરાયા છે. આ ઉપરાંત ખાસ નબળા આદિવાસી જૂથોના 5 હજાર 200 ઘરોમાં વીજળી પહોંચાડવામાં આવી છે જ્યારે 37 મોબાઇલ ટાવર ઉભા કરવામાં આવ્યા છે. રાજ્યમાં વસતા આ સમુદાયના લગભગ 2 હજાર 803 ઘરોમાં પાઈપ મારફતે પાણી પૂરું પાડવામાં આવ્યું છે.

આરોગ્ય, શિક્ષણ તેમજ આજીવિકામાં અંતરને દૂર કરીને ખાસ નબળા આદિવાસી જૂથો (PVTG)ની સામાજિક-આર્થિક સ્થિતિ સુધારવાનો પીએમ જનમન યોજનાનો ઉદ્દેશ છે.

. . . .

# CM SHRAMIK

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો મહત્તમ લાભ લેવા શ્રમિકોને અનુરોધ કર્યો. ગાંધીનગરમાં આજે ભારતીય મજદૂર સંઘના 70 વર્ષ પૂર્ણ થવા નિમિતે યોજાયેલા કાર્યક્રમમાં શ્રી પટેલે આ મુજબ જણાવ્યુ હતું. શ્રી પટેલે જણાવ્યુ કે શ્રમિક હિત અને ઔદ્યોગિક હિત માટે ભારતીય મજદૂર સંઘ હંમેશા કાર્યરત છે.

(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

કાર્યક્રમમાં શ્રમ-રોજગાર અને ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂત પણ ઉપસ્થિત રહ્યા હતા.

....

# GUJRAT @ ૭૫ LOGO DESIGN COMP

રાજયની સ્થાપનાના ૭૫ વર્ષ પૂર્ણ થવાનાં અવસરે "ગુજરાત @ ૭૫" આ રાષ્ટ્રીય લોગો ડિઝાઈન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગરમાં આ સ્પર્ધામાં નામાંકનનો ઈ-પ્રારંભ કરાવ્યો હતો. દેશભરમાંથી નાગરિકો પોતે ડિઝાઇન કરેલા લોગો આજથી 14 ઓગસ્ટ સુધી My gov.in ની www.mygov.in/task/gujarat75-years-logo-competition/ લિંક પર સબમીટ કરી શકશે.

આ રાષ્ટ્રીય સ્પર્ધામાં પસંદગી પામનાર લોગોને ૩ લાખ રૂપિયાનો પુરસ્કાર તેમજ પ્રથમ પાંચ સ્પર્ધકોને મુખ્યમંત્રીના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. સ્પર્ધાના અન્ય નિયમો અને જાણકારી Mygov.in પર થી મેળવી શકાશે.

આ સ્પર્ધાનો હેતુ રાજયની 75 વર્ષની ભવ્ય યાત્રાના પ્રતીકરૂપે સર્જનાત્મક અને અર્થપૂર્ણ 'લોગો' મંગાવી, તેને રાજ્યના આર્થિક નેતૃત્વ, ટેક્નોલોજીકલ પ્રગતિ, સાંસ્કૃતિક પ્રભુતા અને લોકકેન્દ્રિત શાસનને ઉજાગર કરવાનો છે.

. . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# RAIN EFFECT

ભારે વરસાદને કારણે રાજ્યમાં અત્યાર સુધી 691 લોકોને બચાવી લેવાયા છે. જ્યારે 4 હજાર 403 લોકોને સલામત સ્થળે ખસેડાયાં છે. વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓમાં NDRFની 12 ટીમ જ્યારે SDRFની 20 તૈનાત કરવામાં આવી છે. સાર્વત્રિક વરસાદને પગલે 74 ગામમમાં વીજ પુરવઠો ખોરવાયો હતો જે બાદમાં પૂર્વવત કરવામાં આવ્યો છે. ભારે વરસાદને કારણે રાજ્યના નાનાં-મોટા 104 જેટલા માર્ગ બંધ કરવામાં આવ્યા છે. તાપી જિલ્લામાં ઓલન અને મીંઢોળા નદી પર આવેલ વ્યારા જેતવાડી ગામને જોડતા અને ચીચબરડી અને લખાલી ગામને જોડતા લો લેવલ પુલો બંધ કરાયા છે. ખેડા જિલ્લાનાં મહેમદાવાદ તાલુકાના કેશરા ગામમાં ભારે વરસાદને કારણે તળાવ ઓવરફ્લો થયું હતું. ત્યારે ગામમાં અવરજવર માટે ટ્રેક્ટરનો સહારો લેવો પડ્યો. બીજી તરફ પ્રાથમિક શાળા સહિત અનેક વિસ્તારમાં પાણી ભરાયા હતા. આ અંગે શાળાની વ્યવસ્થાપન સમિતિની અધ્યક્ષએ વધુ માહિતી આપી.

**(બાઇટ: SMC CHAIRMAN)**

દરમિયાન, ખેડા જિલ્લાના તમામ વિભાગોને આપત્તિ વ્યવસ્થાપન માટે વિસ્તૃત સૂચનાઓ જાહેર કરી બંધ થયેલ રોડ-રસ્તાઓ પૂર્વવત કરવા જરૂરી કાર્યવાહી નિર્દેશ અપાયો છે. આ ઉપરાંત મધ્યાહન ભોજન કેન્દ્રો અને સસ્તા અનાજની દુકાનોમાં અનાજનો પુરતો જથ્થો રાખવા જણાવાયું છે. ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદને કારણે બનાસકાંઠા જિલ્લાના દામા , રામપુરા સહિતના ગામોના ખેતરો બેટમાં ફેરવાયા હતા , જ્યારે કાચા રસ્તાઓપર પાણી ફરી વળતા ખેડૂતો અને પશુપાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

પાટણના કાકોશી, મેત્રાણા, ધનાવાડા, મામવાડા ગામના તળાવો છલકાઈ જતા તેના પાણી ગામમાં ફરી વળતા લોકોના ઘર અને ઘરવખરીને નુકસાન થયુ છે.

. . . . . . . . . . . . .

# GUJARAT DAM

ભારે વરસાદને પગલે રાજ્યના 51 જળાશય હાઇએલર્ટ પર છે. જ્યારે 22 એલર્ટ અને 19 જળાશય વોર્નિંગ પર છે. અને 29 જળાશય સંપૂર્ણ ભરાયા છે. પંચમહાલ જિલ્લાનો પાનમ બંધ 80 ટકાથી વધુ ભરાતા 10 હજાર 861 ક્યૂસેક પાણી છોડાયું છે, ત્યારે આસપાસના અસરગ્રસ્ત 10 ગામોને એલર્ટ કરાયા છે.

છોટાઉદેપુર જિલ્લાના સુખી ડેમના બે દરવાજા ખોલી ભારજ નદીમાં પાણી છોડાવામાં આવી રહ્યું છે. બીજી તરફ ઓરસંગ નદીમાં પૂર આવ્યું છે. ઉપરવાસમાં ભારે વરસાદને કારણે નવસારીની પૂર્ણા નદીની જળસપાટીમાં પણ વધારો થયો હતો

. . . .

# WEATHER FORECAST

દરમિયાન આગામી 7 દિવસ રાજયમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી છે. આજે દાહોદ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદને લઈને રેડ એલર્ટ જાહેર કરાયું છે. હવામાન વિભાગે આવતીકાલે દાહોદ , પંચમહાલ, આણંદ, વડોદરા, છોટા ઉદેપુર , ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ અને દાદરા નગરહવેલીમાં ભારે વરસાદની આગાહી છે. દરમિયાન માછીમારોને દરિયો ન ખેડવા સુચના આપી હોવાનું હવામાન વિભાગના નિયામક ડો.એ.કે. દાસે જણાવ્યુ હતું.

(બાઇટ - ડો.એ કે દાસ – નિયામક – હવામાન વિભાગ)

રાજ્યમાં આજે વરસાદનું જોર ઘટતા 132 તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ સુરત જિલ્લાના ઉમરપાડા માં પોણા પાંચ ઇંચ વરસાદ વરસ્યો છે.

. . . . . . .

# SHRAVAN SOMVAR

આજે શ્રાવણ મહિનાના પ્રથમ સોમવારે શ્રદ્ધાળુઓ શિવાલયોમાં ભક્તિમાં લીન બન્યા છે. પ્રથમ જ્યોર્તિલિંગ એવા સોમનાથ મંદિરનાં દ્વાર આજે વહેલી સવારે 4 કલાકે ખુલતા જય સોમનાથના નાદ સાથે ભાવિકોએ સોમનાથ મહાદેવે શીશ ઝુકાવ્યુ હતું. સોમનાથ મહાદેવ મંદિર ખાતે શ્રાવણ માસના પ્રથમ સોમવારે પાઘપાલખી યાત્રા કાઢવામાં આવી હતી , જેમાં મોટી સંખ્યામાં ભક્તજનો ઉમટી પડ્યા હતા અને હર હર મહાદેવના નાદ સાથે સમગ્ર પરિસરમાં પાલખીયાત્રા કાઢવામાં આવી હતી. સાંભળીએ ગીર સોમનાથથી અમારા પ્રતિનિધિનો અહેવાલ....

(બાઈટ : રાજેશ ભજગોતર, ગીરસોમનાથ)

બીજી તરફ, કેન્દ્રશાસિત પ્રદેશ દીવથી અમારાં પ્રતિનિધિ ભારતી રાવલ જણાવે છે કે , દીવના દરિયામાં આવેલ પૌરાણિક ગંગેશ્વર મહાદેવ મંદિર આજે દરિયામા ભારે કરંટને લઈ બપોરે 12 વાગ્યા પછી પૂજા માટે બંધ કરવામા આવ્યુ હતુ. સવારે દરિયામા ઓટ હોવાથી વહેલી સવારથી બપોરે 12 વાગ્યા સુધી ભક્તો દ્વારા પૂજા કરાઈ હતી.

વલસાડ શહેરમાં છેલ્લા 25 વર્ષથી શ્રાવણ માસના પ્રથમ સોમવારે ઉત્તર ભારતીય સમાજ દ્વારા કાવડ યાત્રાનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ કાવડયાત્રીઓએ કોસંબા રોડથી તડકેશ્વર મહાદેવ મંદિર સુધી પદયાત્રા કરી હતી. ત્યાં તેમણે પવિત્ર જળથી મહાદેવનો અભિષેક કર્યો હતો.

. . . . .

# WORLD POLICE AND FIRE GAMES 2025

અમદાવાદ શહેર પોલીસમાં મહિલા હેડ કોન્સ્ટેબલ પ્રિયંકા પરમારે તાજેતરમાં અમેરિકામાં યોજાયેલી વર્લ્ડ પોલીસ એન્ડ ફાયર ગેમ્સ 2025માં બે રજત ચંદ્રક જીતીને રાજ્ય અને દેશનું નામ રોશન કર્યું છે.

પ્રિયંકાએ પરમારે મહિલા ડબલ્સ અને મિક્સ ડબલ્સ બેડમિન્ટન સ્પર્ધામાં ચંદ્રક જીત્યા હતા. આ અંગે રાજયના પોલીસ વડા વિકાસ સહાયે તેમની સિદ્ધિને બિરદાવી હતી.

. . . . . .